ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૫-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

ભેજુ તો ભારત પાસે જઃ પંડિત નહેરુની પુણ્યતિથિ પ્રસંગે આપણી ભીતરી તાકાત વિશે સહચિંતન કરીએ

અમેરિકા ભલે દુનિયાની સૌથી શક્તિશાળી મહાસત્તા ગણાતી હોય પરંતુ એને વારંવાર બૌદ્ધિક બાબતોમાં પૂર્વ તરફ નજર કરવી પડે છે. ફક્ત આર્થિક સદ્ધરતા એ સફળતાની પારાશીશી ન હોઈ શકે. અમેરિકા પાસે દુનિયાને હચમચાવી નાખતા રાક્ષસી તાકાત છે. પરંતુ મનની શાંતિ મેળવવા એને ભારતીય આધ્યાત્મવિદો અને યોગગુરુઓની આયાત કરવી પડે છે.

છેલ્લે હમણાં ભારતીય અમેરિકનોએ ખાસ્સું કાઠું કાઢવા માડ્યું છે. ઓબામાની ટીમમાં કેટલાક ભારતીય મૂળના અમેરિકનો મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી રહ્યા છે. અમેરિકાની તબીબી દુનિયા પર ભારતીય મૂળના ડોકટરોનો દબદબો છે તો વળી આઈટી ક્ષેત્રે આખી સિલિકોન વેલી ભારતીય ટેકનોક્રેટ્સના ગજવામાં છે. હમણાં સમાચાર આવ્યા છે કે ચંડીગઢમાં જન્મેલા શ્રીનિવાસન અમેરિકામાં અત્યંત શક્તિશાળી ગણાતી અપીલ કોર્ટના જજ બનશે. સેનેટમાં એમના નામ પર સર્વસંમતિની મહોર વાગી ચૂકી છે. તેમની તરફેણમાં સત્તાણું વોટ પડ્યા છે. અને વિરોધમાં એક પણ વોટ પડ્યો નથી.

સમગ્ર દક્ષિણ એશિયામાંથી અમેરિકાની ન્યાયપાલિકાના પ્રથમ ન્યાયમૂર્તિ બનવાનું શ્રેય અમેરિકાના કેન્સાસ સ્ટેટમાં ઊછરેલા અને ભણેલા આ ભારતીય મૂળના અમેરિકનને મળે છે. અમેરિકાની સુપ્રીમ કોર્ટમાંફક્ત ૪૬વર્ષની યુવાન વયે ન્યાયાધીશ પદે પહોંચવું એ કોઈ નાની સૂની સિદ્ધિ નથી. શ્રી નિવાસન ત્રણ મુદ્દત સુધી રિપબ્લિકન અને ડેમોક્રેટિક શાસન દરમિયાન સોલિસિટર જનરલની ઓફિસમાં ફરજ બજાવી ચૂક્યા છે. સુપ્રિમ કોર્ટમાં એ ૨૪ કેસોમાં ઉપસ્થિત થયા છે. અમેરિકા જેવી મહાસત્તાની ન્યાયપાલિકમાં ભારતીયની હાજરી એ તમામ ભારતવાસીઓ માટે ગૌરવ લેવા જેવી ઘટના છે. યોગાનુયોગ એમના જ નામેશરી શ્રી નિવાસન અહીં ભારતમાં ક્રિકેટક્ષેદ્ની ટોચની સંસ્થા-બીસીસીઆઈના વડા છે. કેવી વિડંબના છે કે અમેરિકામાં એક શ્રીનિવાસન સમગ્ર દક્ષિણ એશિયામાંથી પહેલા ન્યાયમૂર્તિ તરીકેનું સન્માન પ્રાપ્ત કરે છે, જ્યારે ભારતીય ક્રિકેટક્ષેત્રે સત્તાધીશ શ્રીનિવાસનને સટ્ટાખોરી સાથેના સંબંધો ખુલ્લા પડતાં પાણીચું પકડાવવાની નોબત આવી છે. આપણો એક ભારતીય ભારતમાં રહીને ભ્રષ્ટાચારને શિષ્ટાચાર ગણતો થઈ જાય છે. ખોટા રસ્તે નાણાં કમાવવામાં એને નાગરિકધર્મનો કે રાષ્ટ્રધર્મનો વિચાર સુધ્ધાં આવતો નથી.

જ્યારે અહીંથી અમેરિકા જઈ એ જ માણસ નિયમબદ્ધ નાગરિક જીવન જીવતો થઈ જાય છે. એને કોઈ કામ નાનું નથી લાગતું. એ પ્રામાણિક પણે સરકારી ટેક્ષ ભરે છે અને ભારતીય હોવાનું ગૌરવ લે છે. આપણી કલ્પના ચાવલા અને સુનીતા વિલિયમ્સ નાસા સાથે જોડાઈ અંતરીક્ષમાં વિહરવાના વિશ્વવિક્રમ સર કરે છે. એ જ કન્યાઓ ભારતમાં રહી ગઈ હોત તો ક્યાં હોત તે કલ્પનાનો વિષય છે.

ભારત પાસે ઊંચી ક્વૉલિટીનું ભેજું હોવાનુ ં પ્રેસિડેન્ટ બુશ પણ સ્વીકારતા હતા અને ઓબામા પણ સ્વીકારે છે. શું એ પ્રખર બુદ્ધિમત્તાનો આપણા દેશના ઉત્કર્ષ માટે વિનિયોગ ન થઈ શકે? નોબલ વિજેતા. ડો. હરગોવિંદ ખુરાના, અંતરીક્ષપરી સુનીતા કે ન્યાયમૂર્તિ શ્રીનિવાસન જેવી પ્રતિભાઓને આપણે ક્યાં લગી એક્સ્પોર્ટ કરતા રહીશું? આજે ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની પુણ્યતિથિ પ્રસંગે આ મુદ્દે પણ સહચિંતન શરૂ થાય તે જરૂરી છે.

ઈજનેરીમાં ટેકનીકલી શિક્ષણ વિભાગ દ્વારા

ડિપ્લોમાંથી ડિગ્રી માટે પ્રવેશ પરીક્ષાનો નિર્ણય મોકુફ રખાયો

ચાલુ વર્ષે પુરતો સમય ન હોવાને કારણે આખરે નિર્ણય પડતો મુકાયો

અમદાવાદ, તા. ૨૬

ઈજેનરીમાં ડિપ્લોમાંથી ડિગ્રીમાં પ્રવેશ માટે ચાલુ વર્ષે પ્રથમ વખત પ્રવેશ પરીક્ષા લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ઈજનેરીમાં અંદાજે ૨૦,૦૦૦ જેટલી બેઠકો માટે ડિપ્લોમાંથી ડિગ્રીમાં પ્રવેશ આપવા માટે આ પરિક્ષા લેવાની હતી.

પરંતુ આ વર્ષે આ પરિક્ષા ન લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. પુરતો સમય ન હોવાને કારણે આ નિર્ણય પડતો મુકાયો હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત સુત્રો અનુસાર ઈજનેરીમાં ડિપ્લોમામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ડિગ્રીમાં મેરીટના આધારે પ્રવેશ મળતો હોય છે. પરંતુ ચાલુ વર્ષથી ટેકનીકલી શિક્ષણ વિભાગ દ્વારા ડિપ્લોમાંમાંથી ડિગ્રીમાં જવા માંગતા વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષા લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

સુત્રો મુજબ ઈજનેરીમાં કુલ ૫૫,૦૦૦ બેઠકોમાંથી ૨૦ ટકા બેઠકો ડિગ્રી માટે ફાળવવામાં આવતી હોય છે. એટલે કે અંદાજે ૧૦,૦૦૦થી વધુ બેઠકો ડિપ્લોમાંમાંથી ડિગ્રીમાં ચાલુ વર્ષે ફાળવવામાં આવશે. જ્યારે ગયા વર્ષે અંદાજે ૮૫૦૦ જેટલી બેઠકો ખાલી પડી હતી. નિયમ પ્રમાણે જે બેઠકો ખાલી પડી હોય તેને બીજા વર્ષે ડીગ્રીમાં સિધા પ્રવેશ માટે આપી દેવામાં આવે છે. એટલે કે અંદાજે કુલ મળીને ૨૦,૦૦૦ જેટલી બેઠકો માટે ડિપ્લોમમાંથી ડિગ્રીમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે ચાલુ વર્ષે પ્રવેશ પરીક્ષા લઈને તેના આધારે પ્રવેશ આપવાનો નિર્ણય કરાયો હતો.

સુત્રો મુજબ ટેકનીકલી શિક્ષણ વિભાગ દ્વારા ચાલુ વર્ષે ડિપ્લોમાંમાંથી ડિગ્રી માટે પ્રવેશ પરીક્ષા લેવાના નિર્ણયને પડતો મુકવામાં આવ્યો છે. ચાલુ વર્ષે પરીક્ષા લેવા માટે પુરતો સમય ન હોવાથી આ પરીક્ષા લેવાનો નિર્ણય મોકુફ રખાયો છે. સુત્રો મુજબ જો ડિપ્લોમામાંથી ડિગ્રી માટે પ્રવેશ પરીક્ષા લેવાઇ તો વિદ્યાર્થીઓમાં ભારે રોષ અને નારાજગી ફેલાય તેવી પરિસ્થિતી હતી અને જેના કારણે આંદલોન પણ થાય તેવી સ્થિતી હોવાના કારણે આ નિર્ણય પડતો મુકવામાં આવ્યો છે.

સીબીએસઈ દ્વારા ધોરણ-૧૨નું પરિણામ આજે જાહેર થશે

ગુજરાતમાંથી ૪૦૦૦થી વધુ અને અમદાવાદમાંથી ૧૦૦૦થી વધારે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે

અમદાવાદ, તા. ૨૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ગત ૧૯ એપ્રિલ અને ૧ માર્ચે બે તબકક્કામાં લેવાયેલ ધો.૧૨ની પરીક્ષાનું પરિણામ આજે વેબસાઈડ પરથી સવારે ૧૦.૦૦ કલાકે જાહેર કરવામાં આવશે. આ પરીક્ષામાં સમગ્ર દેશમાંથી ૧૦,૦૦,૦૦૦થી વધુ અને ગુજરાતમાંથી અંદાજે ૪૦૦૦થી વધારે જ્યારે અમદાવાદમાંથી ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

પ્રાપ્ત સુત્રો અનુસાર સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશ (સી.બી.એસ.ઈ) દ્વારા ગત માર્ચ મહિનામાં લેવામાં આવેલી ધો.૧૨ને પરીક્ષાનું પરિણામ આજે વેબસાઈડ પરથી અપલોડ કરવામાં આવશે. આ પરીક્ષા સમગ્ર દેશમાં એક સાથે જુદા જુદા રાજ્યો અને કેન્દ્રો પરથી લેવામાં આવી હતી. સમગ્ર દેસમાં અંદાજે દસ લાખ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગુજરાતમાંથી અંદાજે ૪૦૦૦થી વધુ અને અમદાવાદમાંથી ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી. ઘણા સમયથી વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા આ પરીક્ષાના પરિણામની રાહ જોવાઈ રહી હતી.

સીબીએસઈ દ્વારા આજે ૨૭ મેને સોમવારે ૧૦.૦૦ વાગે વેબસાઈટ પરથી આ પરિણામ જાહેર કરવામાં આવશે. પરિણામ જોવા માટે સીબીએસઈ બોર્ડ દ્વારા ત્રણ વેબસાઈટ નક્કી કરવામાં આવી છે. www. cbseresults.nic.in, www. whatismyresults. com, www.results.nic.in.

ઉપરની વેબ સાઈટ પર વિદ્યાર્થીઓ પોતાના રોલ નંબર નાંખશે એટલે તેમનું પરિણામ જોઈ શકશે. આ પરિણામમાં વિદ્યર્થઈ પોતાના વિષયવાર માર્ક પણ જાણી શકશે તથા તેની માર્કશીટ પણ પ્રીન્ટ કરી શકશે.

ગાંધીનગરમાં સમસ્ત અનુસૂચિત જાતિના પ્રતિભાશાળી ક્રિકેટ ખેલાડીઓની ટુર્નામેન્ટનો પ્રારંભ થતા પ્રથમ દીવસે ત્રણ ટીમો વિજેતા બની હતી. જેમાં ધોળકાની ટીમ સામે કોલવડા સુપર કિંગ્સ ગાંધીનગરની ટીમ વિજેતા બની હતી. આંબેડકર ટુર્નામેન્ટમાં પ્રથમ દિવસે કોલવડા સુપર કિંગ્સ ગાંધીનગરની ટીમે જય ભીમ ઈલેવન ધોળકાની ટીમને હરાવી હતી તથા તુબા ઈલેવન મહેસાણાની ટીમને સાબરમતી ઈલેવન-અમદાવાદની ટીમે હરાવી હતી તથા વીર કૃપા ઈલેવન હિંમતનગરની ટીમને ડ્રિમ ફાઈટર અમદાવાદની ટીમે હરાવી હતી. બીજા દિવસની મેચમાં દલિત પરિવાર અમદાવાદની ટીમ તથા આર. ફાઈવ બી ઈલેવન ગાંધીનગરની ટીમ વિજેતા બની હતી. આજે રાણીપ રૂફીયન્સ અમદાવાદની ટીમ સામે લોર્ડ બુદ્ધ ઈલેવન ધોળકાની ટીમ અને સરગાસણ ઈલેવન ગાંધીનગરની ટીમ સામે પ્રાંતિજ ઈલેવન ટીમ લીગ મેચ રમશે.

કોઈ બુકીને ફોન લાગતો જ નથી... તમારે જ્યારે સીલેક્ટ નતા થયા ત્યારે જેમ રમતા હતા તેમજ રમો... બીજું શું?...!

ડૉ. આંબેડકર ક્રિકેટ ટુર્નામેન્ટની લીગ મેચમાં કોલવડા સુપર કિંગ્સ વિજયી બની

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં સમસ્ત અનુસૂચિત જાતિના પ્રતિભાશાળી ક્રિકેટ ખેલાડીઓની ટુર્નામેન્ટનો પ્રારંભ થતા પ્રથમ દીવસે ત્રણ ટીમો વિજેતા બની હતી. જેમાં ધોળકાની ટીમ સામે કોલવડા સુપર કિંગ્સ ગાંધીનગરની ટીમ વિજેતા બની હતી.

આવો, અંગ્રેજી શીખીએ

- ચેતના ભુચ

છોકરો **Boy** : તમારું નામ શું?
What is your name?
છોકરી **Girl** : મારું નામ રેખા છે.
My name is Rekha
છોકરો **Boy** : તમારી ઉંમર કેટલી?
How old are you?
છોકરી **Girl** : મારી ઉંમર ૨૨ વર્ષ છે.
I am 22 years old
છોકરો **Boy** : તું શેમાં ભણે છે?
In which class do you read?
છોકરી **Girl** : હું ટી.વાય.બી.એસી.માં ભણું છું.
I read in T.Y.B.Sc
છોકરો **Boy** : તારા પિતાજી શું કરે છે?
What is your father?
છોકરી **Girl** : મારા પિતાજી ગ્રંથપાલ છે.
My father is a Librarian
છોકરો **Boy** : તારી માતા શું કરે છે?
What is your mother?
છોકરી **Girl** : મારી માતા ટીચર છે
My mother is a teacher.
છોકરો **Boy** : તારે કેટલા ભાઈ છે?
How many brothers have you?
છોકરી **Girl** : મારે ત્રણ ભાઈઓ છે.
I have three brothers
છોકરો **Boy** : તારો શોખ શું છે?
What is your hobby?
છોકરી **Girl** : મને સંગીત અને વાંચન ગમે છે.
I like music and reading
છોકરો **Boy** : ખૂબ સરસ,
મળીને આનંદ થયો.
આભાર.
very nice
nice to meet you
Thanks
છોકરી **Girl** : મને પણ આનંદ થયો.
આપને શુભ દિન મુબારક.
I also have a nice day.

તો મિત્રો, આજે આપણે ઉપરોક્ત સંવાદ દ્વારા નાના નાના વાક્યોની પ્રેકટીસ કરીએ. આવી રીતે નાના નાના વાક્યો સાદા વર્તમાનકાળ કે સાદા ભૂતકાળ કે સાદા ભવિષ્યકાળની મદદથી **frame** (ઘડી) કરી શકાય. આમ, ધીરે ધીરે મોટા વાક્યો બનાવી આત્મ-વિશ્વાસ કેળવીને અસ્ખલિત અંગ્રેજી મહાવરાને અંતે બોલી શકાય.

માનવીને જીવવા માટે મહત્વનું બળ પૂરું પાડતી શક્તિ : આશા

ચિંતન

સંકલન : મિતેષ મોદી

હવે તો દિલને હચમચાવી નાખે તેવા કિસ્સાઓ આંતરે દાડે બનતાં જાય છે. અખબારો તેને ટોપ ટેબલ સ્ટોરી તરીકે તેનો ઉપયોગ કરે છે. પરંતુ ક્યાંક માનવીની જે સંવેદનાઓ જાગ્રત થવી જોઈએ તે થતી નથી. કોઈને કોઈ જગ્યાએ તેનું હનન થતું જઈ રહ્યું છે. આપણી કમજોરી કે આપણી નજર વિશેના મારા વિચાર અહીં પ્રગટ કરવા માટે આવા જ એક કિસ્સાથી મારી વાતની શરૂઆત કરું છું.

એક ગામ પાસે કોઈકની જમીન ભાડે રાખીને ખેતી કરતો એક માણસ પોતાના બે નાના દીકરા અને બે નાની દીકરીઓને લઈને રેલવેના પાટા પર આપઘાત કરવા માટે સૂઈ ગયો. એ પોતે અને બે દીકરા જેને એણે પકડી રાખ્યા હતા એ ટ્રેન નીચે કપાઈ મર્યા અને એક દીકરીનો હાથ કપાઈ ગયો, પણ બંને દીકરીઓ બચી ગઈ. બંને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવી પડી.

આજકાલ આપઘાત કર્યાના કે આપઘાતનો પ્રયાસ કર્યો હોવાના એટલા બધા સમાચાર આવે છે કે એ સમાચાર માત્ર એક સામાન્ય સમાચાર બનીને જ રહી જાય છે- આ રીતે મૃત્યુ પામનારના નજીકના સ્વજનોનું જીવન પણ અસ્તવ્યસ્ત થઈ જાય છે. પરંતુ એની નોંધેય ભાગ્યે જ લેવાતી હોય છે. લાગે છે કે આધુનિક જીવનની દોડધામમાં માણસ સંવેદનહીન કે લાગણીશૂન્ય બની રહ્યો છે.

આધુનિક માનવીની જિંદગીમાં તણાવ ચોક્કસ વધી ગયો છે, પરંતુ એ તો એની આધુનિક સમયમાં જીવવા માટેની કશમકશને કારણે વધ્યો છે. અગાઉના વખતમાં જે પ્રકારના દુઃખ હતાં એ આજે ઓછાં થયાં છે. અગાઉ માણસને ભૂખનું દુઃખ અને સ્ત્રીઓએ તો કામનું વધારાનું દુઃખ પણ સહન કરવું પડતું હતું. તો પછી આજના સામાન્ય માણસને એવી તો શું મુશ્કેલી પડે છે કે એણે આત્મહત્યાના રસ્તે જવું પડે? અને કોઈ રેલવે લાઈન પર, કોઈ નદી, કૂવા રે નહેરમાં પડીને કે ગળેફાંસો ખાઈને પોતાની જીવાદોરી ટૂંકાવવાના પ્રયાસો કરે ? લાગ છે કે આધુનિક માનવીમાં બહુ મોટો ફરક પડી ગયો છે. જીવન જીવવાનું બળ જ જાણે કે એણે ગુમાવી દીધું છે. અગાઉ ભૂખના દુઃખથી માણસો મરતા હતા, પણ આપઘાત કરીને ઓછા મરતા હતા.

આધુનિક માણસે જે કાંઈ મેળવ્યું છે એની સામે એનું પોતાનું હતું એવું કશુંક ગુમાવ્યું પણ છે. ખાસ કરીને જીવન જીવવા માટેની ખૂબ જ અગત્યની વસ્તુઓ આશા અને આત્મશ્રદ્ધા જાણે કે એણે ગુમાવી દીધા છે. અલબત્ત, છેલ્લાં પચીસ-પચાસ વર્ષોમાં માણસની જિંદગીમાં ટીવી, સેલફોન, ઈન્ટરનેટ જેવી ટેકનોલોજી, ટ્રાન્સપોર્ટેશન અને ઉદ્યોગોએ જબરજસ્ત પરિવર્તન લાવી દીધું છે. માનવજીવનના ઈતિહાસમાં સદીઓમાં બન્યું નથી એ છેલ્લાં થોડા વર્ષોમાં બની ગયું છે. રાજા મહારાજાઓને પણ જેની કલ્પના નહોતી એવી અનેક સગવડો આજનો માનવી ભોગવતો થયો છે. બીજી તરફ જોવા જઈએ તો આ સગવડો અને સાધનોની પાછળ દોડતા માનવીએ એના સંયુક્ત કુટુંબના હૂંફ, આશ્વાસન અને પ્રેમ ગુમાવી દીધાં છે. આજનો માણસ જાણે એકલો અટુલો થઈ ગયો છે.

બીજું આધુનિક માનવી બધું જલદી જલદી ભોગવી લેવા ઉતાવળો થયો છે અને એકબીજાની દેખાદેખીથી દોડતો થયો છે. કેટલાકના જીવનમાં તો એવું બને છે કે દોડવાથી એને કશું જ મળતું નથી સિવાય કે નાણાંનો વ્યય અને દેવું અને છેવટે એ જ્યારે થાકે છે ત્યારે આબરૂ જવાની બીકે આપઘાત કરવા સુધી પહોંચા જાય છે.

સદીઓ સુધી માણસ માત્ર ખેતી અને પશુપાલન ઉપર નિર્ભર રહીને જીવ્યો છે અને એ પણ કુદરત આધારિત ખેતી ઉપર. આજે છે એવી પાણીની નહેરો કે પાતાળ કૂવાઓની સગવડો નહોતી. એ વખતે દુષ્કાળ એ માણસનો સૌથી મોટો કાળ હતો, પરંતુ એવી પરિસ્થિતિમાં પણ માણસ જીવતો હતો અને આશા એ શોધી કાઢતો હતો. અંગ્રેજીમાં એક વાક્ય છે કે, "You cam't live on hope alone, nor can you live withot it"

માત્ર આશાથી ન જીવી શકાય, પણ આશા વિના તો જીવી જ ન શકાય. કપરા સંજોગો તો આવે ને જાય. અગાઉ માણસને સુખ-સગવડનાં સાધનો ઓછાં મળતાં, પણ જીવવા માટેનું બળ તો ક્યાંકને ક્યાંકથી મળી રહેતું.

ખેતી અને પશુપાલન ઉપર નભતાં માણસોને સૌથી પહેલી આશા સારા ચોમાસાની રહેતી. ચોમાસાની શરૂઆત અષાઢ મહિનાથી થાય. 'અષાઢ'નું બીજું નામ જ 'આશા' છે.

ખેડૂતની તો જિંદગી જ એવી કે જેમાં આયોજન ચાલે નહીં. ગમે તે વર્ષે દુષ્કાળ પડે, દુષ્કાળ ન પડે એ વર્ષે માવઠું થાય, જીવાત પડે, છેલ્લી ઘડીએ પાકને નુકશાન થાય. ખેડૂતની જિંદગી જ અનિશ્ચિત. આવી અનિશ્ચિત જિંદગીમાં ખેડૂત જો આશા અને શ્રદ્ધા ગુમાવી દે તો જીવી જ કઈ રીતે શકે?

જે માણસ પાસે કશું ન હોય એ પણ જીવવા માટે કોઈકનો આધાર શોધી કાઢતો હતો. ખેડૂતની જિંદગીમાં દિકરા ઉપરાંત પોતાના ધોરી એટલે કે બળદ ઉપર એટલો જ આશાવાદી રહેતો. સારા બળદ હોય એટલે સારી ખેતી થાય અને સારી ખેતી થાય એટલે દી'વળે, ખેડૂત એટલો આશાવાદી કે દુષ્કાળ ઉપર દુષ્કાળ પડે તોય આપઘાત નહોતો કરતો, પણ ફરી ફરીને મહેનત કરતો. ખેતરમાં એ કપાસ વાવતો. કપાસમાં જીડવાંને ઢોર ખાય નહીં એટલે લાંબા અંતરે આવેલા ખેતરમાં, વનવગડામાં પણ એ જરૂર વાવી શકાય એવે ખેડૂત આશા રાખતો કે કાલાં સારાં થશે. એની ચોકી કરવા પોતે કે અમુક ભાગ આપીને પગી રાખતો અને જ્યારે કોઈ આધાર કે ઝાકળિયાં એટલે કે તલ તો સારા થશે જ. વરસાદની સીઝન ઊકલી જાય પછી માત્ર ઝાકળને કારણે પાકી જતાં તલ ઉપર એ આશા રાખતો. આજે તલ કોણ વાવે?

ટૂંકમાં એક પછી એક પાક ઉપર, પોતાની જમીન ઉપર, બળદ ઉપર અને પોતાનાં બાળકો ઉપર શ્રદ્ધા રાખીને માણસ જીવી જતો હતો. આપઘાત કરતો નહોતો. માણસ હંમેશા શ્રદ્ધાવાન અને આશાવાદી રહેતો હતો. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ એ ટકી રહેતો હતો. આજનો માણસ સદીઓથી એણે મેળવેલી શ્રદ્ધા અને આશાની મૂડીને ગુમાવતો જાય છે.

શ્રદ્ધા અને આશાની મૂડી જેની પાસે હોય છે એને આપઘાત કરવાનો વખત ભાગ્યે જ આવે છે. માણસને એની જિંદગીમાં જ્યારે ચાર તરફ અંધકાર જ દેખાય છે ત્યારે જ એને આપઘાતના વિચાર આવે છે, પરંતુ ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ એણે આશા છોડવી જોઈએ નહીં.

કારણ કે, પરિસ્થિતિ સતત બદલાતી રહે છે એટલે એનાથી ગભરાવાની જરૂર નથી. એ પરિસ્થિતિ જરૂર બદલાવાની છે એવી શ્રદ્ધા જ માણસને ખોટા પગલાં ભરવાથી રોકે છે.

પૃથ્વી ઉપર પાંગરેલ જીવન આજ સુધી અનેક વિકટ પરિસ્થિતિનો સામનો કરીને જ આગળ વધ્યું છે. મનુષ્યએ વિશાળ જીવનલીલાનો જ એક ભાગ છે, એટલે ગમે તેવી વિકટ પરિસ્થિતિ પણ એ પાર કરી જ શકવાનો છે, જો શ્રદ્ધા રાખે તો.

માણસ જ્યારે વૃદ્ધ થાય છે ત્યારે પહેલાં એની આશાઓ મરે છે, કહેવત છે કે, જહાં તક સાંસ, વહાં તક આશ. એટલે કે જ્યાં સુધી શ્વાસ હોય ત્યાં સુધી આશા રાખવી જોઈએ. હું એથી આગળ કહું છું કે, જહાં તક આસ વહાં તક સાંસ. જ્યાં સુધી માણસની આશા મરતી નથી ત્યાં સુધી એના શ્વાસ ચાલે છે.